**બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પાલનપુર**
**બનાસડેરી, પો.બો.નં.૨૦, પાલનપુર : ૩૮૫૦૦૧**
**ફોન નં. (૦૨૭૪૨)૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫**

ઈજારો આપવાનો છે

**Tender Ref No. : BNS/PUR/SUGAR-TRANS/2022**

**ભરૂચ, સુરત, નવસારી તેમજ વલસાડ આજુબાજુની સુગર ફેકટરીમાંથી અંદાજે માસિક ૧૦૦૦ મે.ટન ખાંડ (સુગર) બનાસ ડેરી,પાલનપુર અને સણાદર સુધી પરિવહન કરવાની કામગીરીનો બે વર્ષ માટે તા.૦૧–૦૯–૨૦૨૨ થી તા.૩૧–૦૮–૨૦૨૪ સુધીના સમય માટે કોન્ટ્રાકટ આપવાનો છે.**

**ઉપરોકત કામગીરી કરવામાં રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, આ કામગીરીનું ટેન્ડર ફોર્મ અને શરતો બનાસડેરીની વેબસાઈટ ઝત્ત્ઉ(સ્ળળખ્બ્દ્યબ(મ્બ્ચ્ચ્થ્ઈ'::ઉ ઉપરથી ડાઉનલોડ કરી, તા.૧૫–૦૭–૨૦૨૨ ના ૧૩–૦૦ કલાક સુધી સીલબંધ કવરમાં બનાસડેરીમાં રૂબરૂ અથવા ટપાલ મારફત મોકલી આપવાનું રહેશે અને તે જ તારીખે ૧૫–૦૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડર ભરનારે ટેન્ડર ફી રૂા.૧૧૮૦.૦૦ (જી.એસ.ટી. સાથે) નોન રીફંડેબલ અને અર્નેસ્ટમની ડીપોઝીટ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. પાલનપુરના નામનો પાલનપુર ખાતે વટાવી શકાય તેવો બેન્કર ચેક અથવા ડી ડી ટેન્ડર સાથે રજુ કરવાનો રહેશે. ટેન્ડર મંજુર યા નામંજૂર કરવાનો અધિકાર સંઘના ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટરશ્રીને અબાધિત રહેશે.**

ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર

**સુગર પરિવહન ઈજારા માટેનું ટેન્ડર ફોર્મ**

(ટેન્ડર આખા રૂપિયામાં ભરવું આખા રૂપિયાથી ઓછી રકમનો ઉલ્લેખ હશે તો તે ગણત્રીમાં લેવામાં આવશે નહીં.)

**Tender Ref No. : BNS/PUR/SUGAR-TRANS/2022**

પ્રતિ, તારીખ :

ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટરશ્રી,
બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.,
બનાસડેરી–પાલનપુર.

આપે નકકી કરેલ તા. તા.૦૧-૦૯-૨૦૨૨ થી તા. ૩૧-૦૮-૨૦૨૪ સુધીના સમય માટેનો સુગર પરિવહનનો ઈજારો પાછળ જણાવેલ શરતોને આધિન રહીને નીચે જણાવેલ પ્રતિ મેટ્રિક ટનના ભાવથી હું લેવા તૈયાર છું. આ અંગે ટેન્ડર ડીપોઝીટ રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) સંઘની પહોંચ નંબર/ડી.ડી.નં................. તારીખ ........................... થી ભરેલ છે તે રજૂ કરું છું.

## પ્રતિ મેટ્રિક ટન દીઠ ભાડું :– બનાસ ડેરી પાલનપુર માટે

અ) વડોદરા અને તેની આજુબાજુની સુગર ફેકટરીઓમાંથી સુગર પરિવહન કરવાનું ભાડું રૂ. ......................

અંકે રૂપિયા .......................................................

બ) ભરૂચ અને તેની આજુબાજુની સુગર ફેકટરીઓમાંથી સુગર પરિવહન કરવાનું ભાડું રૂ. ......................

અંકે રૂપિયા .......................................................

ક) સુરત અને તેની આજુબાજુની સુગર ફેકટરીઓમાંથી સુગર પરિવહન કરવાનું ભાડું રૂ. ......................

અંકે રૂપિયા .......................................................

ડ) નવસારી અને તેની આજુબાજુની સુગર ફેકટરીઓમાંથી સુગર પરિવહન કરવાનું ભાડું રૂ. ....................

અંકે રૂપિયા .......................................................

ઈ ) વલસાડ અને તેની આજુબાજુની સુગર ફેકટરીઓમાંથી સુગર પરિવહન કરવાનું ભાડું રૂ. ......................

અંકે રૂપિયા .......................................................

## પ્રતિ મેટ્રિક ટન દીઠ ભાડું :– બનાસ ડેરી સણાદર (દીઓદર) માટે

અ) વડોદરા અને તેની આજુબાજુની સુગર ફેકટરીઓમાંથી સુગર પરિવહન કરવાનું ભાડું રૂ. ......................

અંકે રૂપિયા .......................................................

બ) ભરૂચ અને તેની આજુબાજુની સુગર ફેકટરીઓમાંથી સુગર પરિવહન કરવાનું ભાડું રૂ. ......................

અંકે રૂપિયા .......................................................

ક) સુરત અને તેની આજુબાજુની સુગર ફેકટરીઓમાંથી સુગર પરિવહન કરવાનું ભાડું રૂ. ......................

અંકે રૂપિયા .......................................................

ડ) નવસારી અને તેની આજુબાજુની સુગર ફેકટરીઓમાંથી સુગર પરિવહન કરવાનું ભાડું રૂ. ....................

અંકે રૂપિયા .......................................................

ઈ ) વલસાડ અને તેની આજુબાજુની સુગર ફેકટરીઓમાંથી સુગર પરિવહન કરવાનું ભાડું રૂ. ......................

અંકે રૂપિયા .......................................................

૧. ઈજારદારનું નામ :

૨. ઈજારદારનું સરનામું : ઠે.

મુ. ........................ પો. ....................... તા. ......................... જિ. ................................

મો.નં........................... ફેક્ષ નં........................... ઇ-મેલ ........................

૩. વધારાની શરત મુકયા વગર અને પાછળ જણાવેલ શરતોમાં જણાવેલ કલમો પૈકી કોઈપણ કલમ બાકાત કર્યા સિવાય ટેન્ડર ભરેલું છે.

૪. ટેન્ડર ફોર્મમાં હકીકત ખોટી જાહેર કરેલી હોવાનું જણાશે તો ટેન્ડર નામંજૂર કરવાને પાત્ર ગણાશે. આ બાબતમાં સંઘનો નિર્ણય છેવટનો ગણાશે.

૫. ટેન્ડર ફોર્મ જે નામે આપવામાં આવ્યું હશે તે જ નામે સ્વકારાશે.

૬. મારી/અમારી પાસે આ કામ કરવા ................................... વાહનો છે. જેના નંબર નીચે મુજબ છે.

ઉપરોકત તમામ મુદ્દાઓ મને કબુલ મંજુર છે, જે વાંચીને સહી કરી છે. આવા પ્રકારની કામગીરી કરવાનો .................... વર્ષનો અનુભવ ધરાવું છું. જે અંગેનું સર્ટીફિકેટ આ સાથે સામેલ છે.

સ્થળ : પાલનપુર
તારીખ :

ઈજારદારની સહી

## **સુગર પરિવહન ઈજારાની શરતો**

આ શરતો સુગર પરિવહન ઈજારાની શરતો તરીકે ઓળખાશે. શરતોમાં જયાં જયાં સંઘ તેમજ બનાસડેરીના શબ્દોનો ઉપયોગ કરાયો હશે ત્યાં બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પાલનપુરને એ અર્થમાં સમજવાનું રહેશે.

૧. સુરત, નવસારી,વલસાડ તેમજ ભરૂચ આજુબાજુની સુગરફેકટરીઓ જેવી કે ચલથાણ, સાયણ, કામરેજ, વટારીયા, બારડોલી, નર્મદા, મહુવા, ગણદેવી વિગેરેમાંથી બનાસડેરી, પાલનપુર અને સણાદર સુધી સુગર લોડીંગ/અનલોડીંગ સાથે પરિવહન કરવાની રહેશે.

૨. 'સંઘે' નકકી કરેલા સંઘના સ્ટોર વિભાગમાં સારી હાલતમાં નકકી કરેલ શીડયુલ પ્રમાણે પહોંચાડવાની જવાબદારી ઈજારદારની રહેશે.

૩. આ ઈજારો બે વર્ષ માટે તા. તા.૦૧-૦૯-૨૦૨૨ થી તા. ૩૧-૦૮-૨૦૨૪ સુધી અમલમાં રહેશે. ઈજારાના સમય દરમિયાન 'સંઘ' જરૂર જણાયે એક માસની નોટીસથી રદ કરી શકશે અને આવા કિસ્સામાં સંઘ ડીપોઝીટ પરત કરશે. પરંતુ ઈજારાના સમય દરમિયાન સંઘને ઈજારદારની કામગીરી અંગે અસંતોષ હોય તો સંઘ કોઈપણ વખતે વગર નોટીસે તાત્કાલિક આ ઈજારો રદ કરી ડીપોઝીટ જપ્ત કરી શકશે.

૪. સુગર પરિવહનમાં વિલંબ થાય તેવા સંજોગોમાં સંઘને સુગર બજારમાંથી ખરીદવાની ફરજ પડે તેવા સમયે ફેકટરીના ભાવ કરતાં વધુ ચુકવેલ બજાર ભાવના તફાવતની થતી રકમ તેમજ પરિવહન ખર્ચ ઈજારદારના બીલેથી કપાત કરવામાં આવશે.

૫. સુગર કોમોડેટી માર્કેટમાં સમાવેશ થતી હોઈ તેના ભાવ રોજે રોજ બદલાતા રહે છે. જેના કારણે સુગર બુકીંગ થયાના બે દિવસમાં સુગર મીલમાંથી ઉપાડી લેવાની રહેશે. જો તેમ કરવામાં વિલંબ થશે તો તેના ભાવમાં થતા વધારાનો ડીફરન્સની જવાબદારી ટ્રાન્સપોર્ટરની રહેશે. જેનાં નાણાં ટ્રાન્સપોર્ટના બીલેથી કપાત કરવામાં આવશે.

**૬. સુગર ફેકટરીમાંથી કરેલ વજન અને ગુણવત્તામાં કોઈપણ જાતની તફાવત આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે.**

**૭. ઈજારદારે સુગર પરિવહન માટે વાહન પોતાની સંપૂર્ણ જવાબદારી ઉપર મુકવાનું રહેશે. સુગર પરિવહન દરમિયાન આર.ટી.ઓ. ટેક્ષ, ગર્વમેન્ટ લેવી કે અન્ય કોઈપણ પ્રકારના ટેક્ષ જે તે ઈજારદારના શીરે રહેશે.**

૮. ઈજારાદારે સુગર પરિવહન માટે મુકેલ વાહન બળતણ સર્વિસ કે રીપેરીંગ અંગેના ચાર્જની જે રકમ સંજોગોવશાત સંઘ તરફથી ચુકવાયેલ હશે તો તે રકમ ટ્રાન્સપોર્ટ ભાડાના જે તે બીલમાંથી કપાત કરવાની રહેશે.

**૯. ઈજારાના સમય દરમિયાન બળતણ (પેટ્રોલ, ડીઝલ), સ્પેરપાર્ટસ કે પરિવહનને લગતી કોઈપણ ચીજમાં ભાવમાં વધઘટ થશે તો તે મજરે આપવી કે નહિ તે સંઘની મનસુફી ઉપર રહેશે.**

૧૦. ભરૂચ, સુરત, નવસારી તેમજ વલાસડ આજુબાજુની સુગર ફેકટરીઓ જેવી કે નર્મદા, ચલથાણ, સાયણ, કામરેજ,વટારીયા, બારડોલી વિગેરે ફેકટરીઓમાંથી સુગરની ડીલીવરી લીધા પછી સંઘના સ્ટોર વિભાગ સુધી પહોંચાડવાની સંપૂર્ણ જવાબદારી ઈજારાદારના શીરે રહેશે. સુગર પરિવહન દરમિયાન આગ, માર્ગ અકસ્માત, ચોરી, રાયટસ, ધરતીકંપ, ભાંગતોડ, અતિવૃષ્ટિ કે અન્ય રીતે સુગરનું જે નુકશાન થશે તે ઈજારદારે ભરપાઈ કરવાનું રહેશે. આ અંગેનો વિમો લેવાનો થશે તે ઈજારદારના શીરે રહેશે.

૧૧. ઈજારદાર પોતે અથવા પોતાના રાખેલ કર્મચારી મારફત આ ઈજારાનું કામ પૂર્ણ કરશે, ઈજારદાર અગર તેના કર્મચારી સંઘના અધિકારીઓની સૂચના પ્રમાણે કામ કરશે. સૂચનાનું પાલન ન કરે અને તેનાથી ઉભી થતી તમામ જવાબદારી ઈજારદારની રહેશે. ઈજારદારે પોતાના વાહન પર રોકેલ કર્મચારી અંગે મજુર હીતના સહકારી કાયદા અન્વયે કોઈ દિવાની કે ફોજદારી જવાબદારી ઉપસ્થિત થાય તો તે અંગેની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે. કામદાર કે કર્મચારીને કોઈપણ માણસને ઈજારદારના વાહનથી નુકશાન થાય તો તેની તમામ જવાબદારી ઈજારદારની રહેશે.

૧૨. ટેન્ડર મંજુર થયે ઈજારાની શરતોનું પાલન કરવા ઈજારદાર બંધાયેલ છે. તેમ નહીં કરવા બદલ અગર ઈજારાનો અમલ કરવામાં કોઈ ચુક થાય અગર ઈજારાની શરત ભંગને ધ્યાનમાં લઈ સંઘ ઈજારાના સમય દરમિયાન કયારેય પણ ઈજારો રદ કરે અને તેમ કરતાં સંઘને તણામણનો ખર્ચ બાકીના સમયમાં વધુ આવે, તે વધારાના ખર્ચની રકમ ઈજારદારે ભરપાઈ કરવાની રહેશે અને તે ઈજારદારને આપવા પાત્ર થતી રકમમાંથી કપાત કરવામાં આવશે.

૧૩. ટેન્ડર મંજુર થયે ઈજારદારે કાયમી ડીપોઝીટ પેટે રૂા. ૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ભરવાના રહેશે. આ ડીપોઝીટની રકમ ઈજારદારની મુદત પૂરી થયેથી અને સ્ટોર વિભાગનું કલીયરન્સ રજુ કરેથી એક માસમાં પરત કરવામાં આવશે. સંઘ સદર ડીપોઝીટ ઉપર કોઈપણ વ્યાજ કે વળતર ચુકવશે નહીં, વધુમાં સુગરની થતી કિંમત પેટે રૂા. ૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ લાખ પુરા)ની બેંક ગેરંટી આપવાની રહેશે. જે ઈજારો પુરો થયેથી ડીપોઝીટ સાથે પરત કરવામાં આવશે.

૧૪. આ ઈજારદારનું કામકાજ ઈજારદાર બીજા કોઈને કોઈ રીતે તબદીલ કરી શકશે નહીં.

૧૫. ઈજારદારને ભાડાના પ્રથમ પખવાડીયાનું બીલ દર માસની ૨૦ મી તારીખ સુધી રજુ કરેથી અને બીજા પખવાડીયાનું બીલ બીજા માસની પાંચમી તારીખ સુધી રજુ કરેથી અનુક્રમે બીજા માસની બીજી અને સત્તરમી તારીખ સુધીમાં ભાડાની રકમ અદા કરવામાં આવશે. સદર બીલમાંથી આ કરારની શરત અનુસાર જે કંઈ કપાત કરવાની થતી હશે તે કર્યા બાદ બાકીનાં નાણાં અદા કરવામાં આવશે આવશે અને તેમાં ઈજારદારનો કોઈ વાંધો ચાલશે નહીં. તમામ નાણાંકીય વ્યવહાર બેન્ક મારફત કરવામાં આવશે. તો ઈજારદારે નીચે દર્શાવેલ કોઈપણ એક બેન્કનું ચાલું ખાતું ખોલાવી ખાતા નંબર સંઘના એકાઉન્ટ વિભાગમાં આપવાનો રહેશે.

(૧) બેન્ક ઓફ બરોડા, પાલનપુર (૨) ગ્રામીણ બેન્ક, પાલનપુર (૩) બનાસકાંઠા મધ્યસ્થ બેન્ક, ડેરી શાખા

૧૬. બનાસડેરી તથા સુગર ફેકટરીઓના માણસો સાથે વાહન ઉપર રોકાયેલ કંડકટર–ડ્રાયવર અસભ્ય વર્તન દાખવે તેવા કિસ્સામાં સંઘ તરફથી આવા શખ્સને ડેરીના કંમ્પાઉન્ડમાં આવવાની મનાઈ કરવાની અથવા છૂટા કરવાની સુચના મળે તેનો ઈજારદારે અમલ કરવાનો રહેશે.

૧૭. આ કરારનો સમય પુરો થયે સંઘ જરૂર જણાશે તો વધુ સમય માટે તમામ અમલી શરતો સાથે ઈજારો લંબાવી શકશે અને તે ઈજારદારને બંધનકર્તા રહેશે.

૧૮. ટેન્ડર મંજુર થયે સંઘ જણાવે ત્યારે કરારનામા ઉપર સહી કરવા ઈજારદાર બંધાયેલ છે. તેમાં કસુર થયે ઈજારો રદ થયો ગણાશે અને ટેન્ડર ડીપોઝીટની રકમ જપ્ત થયેલી ગણાશે.

૧૯. ટેન્ડર મંજુર થયે કરારનામું કરવાનું રહેશે. કરારનામું થયા બાદ જો કોઈપણ કારણોસર ઈજારદાર ઈજારો બંધ કરે તો ઈજારો રદ કરી કાયમી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૨૦. ઉપર પ્રમાણેની શરતોનો ઈજારદારે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. તેમજ શરતમાં જણાવ્યા સિવાય પણ સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી તરફથી વારંવાર જે કંઈ સુચનાઓ, આદેશો લેખિતમાં આપવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે. જો કોઈપણ સંજોગોમાં શરતો, સુચનાઓ કે આદેશોનો ભંગ કરવામાં આવશે તો તેવા ઈજારદારનો ઈજારો સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી રદ કરી શકશે અગર તો તેઓશ્રી નકકી કરે તેટલી રકમનો દંડ કરવામાં આવશે અથવા બીજા જે કંઈ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે તે ઈજારદારને બંધનકર્તા રહેશે.

૨૧. ઈજારદારે ઈજારાના આધારે કામ ઉપર મુકેલ વાહનને અકસ્માત થાય તો તે કારણે આપવા પાત્ર થતા કાયદેસરના વળતર સહિત તમામ પ્રકારની ફોજદારી કે દિવાની જવાબદારી ઈજારદારના શીરે રહેશે. સંઘ સદર બાબતે કોઈપણ જાતની જવાબદારી કે જોખમ ભોગવશે નહીં.

૨૨. કોન્ટ્રાકટરે પાલનપુર તેમજ સુરત/નવસારી/વલસાડ/ ભરૂચ ખાતે ઓફિસ ભાડે રાખવાની રહેશે. ઓફિસનું સરનામું ફોન નંબર અત્રે જણાવવાના રહેશે.

૨૩. ઈજારદાર તથા સંઘ વચ્ચે આ ઈજારા કરાર અંગે તેમજ તેની શરતોના પાલન અંગે અગર ઈજારાના કરાર ભંગ અગર તેની આનુસંગિક બાબતો અંગે, અગર ઈજારાના અનુસંધાને ચુકવણી અગર કપાત કરવા અગર દંડ અંગે અગર ઈજારો મોકુફ અગર રદ કરવા અંગે ઈજારો છોડી દેવા અંગે વિગેરે તમામ બાબતો અંગે કોઈપણ મતભેદ ઉભો થશે તો તેનો નિકાલ સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી ના લવાદીથી લાવવાનો રહેશે. લવાદીનો નિર્ણય બંને પક્ષોને બંધનકર્તા રહેશે અને આખરી ગણાશે.

૨૪. ટેન્ડર માં ભરેલ ભાવો ૧૨૦ દિવસ સુધી માન્ય રાખવાના રહેશે.

૨૫. ટ્રાન્સપોર્ટ ઈજાદારને આવા કામનો એક અથવા વધુ કામનો અનુભવ હોવો જોઈએ.

૨૬. કોઈપણ પ્રકારની કાનુની કાર્યવાહી માટે ન્યાયનું ક્ષેત્ર પાલનપુર રહેશે.

આથી અમો જાહેર કરીએ છીએ કે, ઉપર જણાવેલ શરતો નં. ૧ થી ૨૪ સુધી અમોએ વાંચી છે અને તે અમને કબુલ મંજુર છે અને તે મુજબ ઈજારદારનું કામ કરવા બંધાઈએ છીએ. તેની સાક્ષી તરીકે સને ૨૦૨૦ ના ........................ મહીનાની .............................. તારીખે અમોએ સહી કરી છે.

તારીખ :

સ્થળ : ઈજારદારની સહી

સાક્ષીઓના નામ અને સરનામા સાક્ષીઓની સહી

૧)

૨)